# જક્ષણી માતાજી- સાદરા ખાતે અન્નકૂટ



ગાંધીનગર પાસે અને સાબરમતી નદીના સાંનિધ્યમાં આવેલ જક્ષણી માતાજી- સાદરા ખાતે દેવ દિવાળી નિમિત્તે સુંદર શણગાર કરાયો હતો અને અન્નકુટ ધરાવવામાં આવ્યો હતો.

# કોરોનાની મહામારીને પગલે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી દ્વારા લેવાનાર પરીક્ષા ઓનલાઈન લેવા ઉગ્ર માંગણી

જીટીયુ દ્વારા ડીપ્લોમાં તથા ડિગ્રીની વિન્ટર-૨૦ ની પરીક્ષા ઓફ લાઈન લેવાનો નિર્ણય કરેલ છે અને લગભગ તા.૧૦-૧૨-૨૦ પછી આ પરીક્ષાનું આયોજન કરવાનું નક્કી કરેલ છે. પરંતુ હાલમાં કોરોનાની મહામારીમાં જયારે ગુજરાતમાં દિવસે ને દિવસે કેસ વધતા જાય છે ત્યારે ટેકનીકલ સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા વિવિધ સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી તથા તેમના વાલીઓ જીટીયુ દ્વારા લેવાનાર ઓફલાઈન પરીક્ષાને લઈને ખુબજ ચિંતિત છે. સામાન્ય સંજોગોમાં ૧ મહિનાથી વધારે સમય ચાલતી પરીક્ષા લગભગ કોરોનાની ગાઈડલાઈન મુજબ લગભગ ૨ મહિના જેટલો સમય ચાલશે તે નક્કી જ છે. આવા સંજોગોને લીધે વાલીઓ પોતાના બાળકોને સંસ્થા ખાતે કેવી રીતે મોકલશે અને સંસ્થા ૨ મહિના સુધી આ પરીક્ષા લેશે તે પણ એક મોટો સવાલ છે. જેના લીધે વાલીમાં ઉગ્ર આક્રોશ છે.




હાલમાં જીટીયુ દ્વારા વિદ્યાર્થીઓને પોતાના ઘર પાસેની ટેકનીકલ કોલેજમાં પરીક્ષા આપવાની છુટ આપવામાં આવેલ છે. પરંતુ ઘણા વિદ્યાર્થીઓની ઘરની આસપાસ લગભગ ૧૦૦ કિલોમીટર સુધી કોઈ ટેકનીકલ સંસ્થા નથી. વળી કેન્દ્ર સરકારની હોસ્ટેલમાં એક રૂમમાં એક જ વિદ્યાર્થી રાખવાની ગાઈડલાઈન મુજબ બધા વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં પણ રહી શકશે નહિ. આવા સંજોગોમાં ઘણા વિદ્યાર્થીઓ ઓફ લાઈન પરીક્ષા આપી શકશે નહિ. અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નાશીપાસ થઈ જશે.

હાલમાં જ જીટીયુ દ્વારા ફાઈનલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષા ખુબ જ સારી રીતે ઓનલાઈન લેવામાં આવેલ હતી. જેમાં લગભગ ૯૫ ટકા કરતા પણ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ હતી અને યુનિવર્સીટી દ્વારા તેનું ખુબ જ સારી રીતે આયોજન કરવામાં આવેલ હતું.

કોરોનાની આ મહામારીમાં રાજ્યની સૌથી મોટી એવી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી દ્વારા વિદ્યાર્થીઓની પરીક્ષા ઓનલાઈન જ લેવામાં આવવી જોઈએ તેવું મોટા ભાગના વર્ગ દ્વારા માનવામાં આવે છે.

## જન્મદિને વધામણી



ઈશ્વરસિંહ ભોજાજી વાઘેલા
નિવૃત્ત પોલીસ ઈન્સપેક્ટર



રોશનબેન યુસુફભાઈ પરમાર
કોર્પોરેટર



રમણલાલ એમ વાળંદ
મો. ૯૧૦૪૬ ૩૬૦૯૧



હેતાંશી આર મકવાણા
મો. ૯૦૧૬૧ ૯૮૮૮૭



જયસુખભાઈ પટેલ

# આજે વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે DLSA દ્વારા વેબીનારનું આયોજન

દર વર્ષે સમગ્ર વિશ્વમાં ૧ ડિસેમ્બરના દિવસને "વર્લ્ડ એઈડ્સ ડે" તરીકે મનાવવામાં આવે છે. જેમ્સ ડબલ્યુ. બન અને થોમસ નેટરને વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) માં ગ્લોબલ પ્રોગ્રામ ઓન એઈડ્સ ના એક્ઝિક્યુટિવ્સ તરીકે સ્વિટ્ઝર્લેન્ડના જિનીવા ખાતે નિમણૂક કરવામાં આવી હતી અને તેઓ દ્વારા પ્રથમ વખત ઓગસ્ટ ૧૯૮૭ માં વર્લ્ડ એઈડ્સ ડે ઉજવવામાં આવ્યો હતો. ૧૯૮૮ ના વર્ષથી ૧ ડિસેમ્બરના દિવસને દર વર્ષે સમગ્ર વિશ્વમા પણ વર્લ્ડ એઈડ્સ ડે ની ઉજવણી કરવાનું નક્કી કર્યુ હતુ. સમાજમા એઈડ્સને લગતી સમસ્યાઓ અને વધતા જતા કેસોને ધ્યાનમા લઈ જનજાગૃતીના કાર્યક્રમ તરીકે અનિલ કક્કડ, PLV ના જણાવ્યા મુજબ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર (DLSA) દ્વારા તારીખ ૧-૧૨-૨૦૨૦ ના સમય સવારે ૧૦.૩૦ કલાકે એક વેબ સેમીનારનુ આયોજન કરવામા આવેલ છે.

આ સેમીનારમા એઈડ્સ એટલે શું, એઈડ્સ માટેની ગેરસમજૂતિઓ, તેના લક્ષણો, તેને ફેલાવવાના પ્રાથમીક કારણો, એઈડ્સથી બચાવ માટેના ઉપાયો, તેમા જાળવવાની સાવચેતીઓ, તેના ટેસ્ટીંગ, દવાઓ, તેના માટે સરકાર દ્વારા લેવામા આવી રહેલા પગલાઓ, સરકારી સહાયો અને તેની યોજનાઓ વિગેરે તમામ બાબતોને આવરી લઈ તબીબી વિજ્ઞાનના સિધ્ધાંતોની સાથે સાથે આર્થિક-સામાજિક પાસાઓને પણ ધ્યાન ઉપર રાખી ગુજરાત સ્ટેટ એઈડ્સ કન્ટ્રોલ સોસાયટીના નિવૃત એડીશન્લ પ્રોજેક્ટ ડાયરેકટર, ડૉ. કે. કે. શાહ, M.D. (Pharmacology), તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહી જાણકારી આપશે અને સાથોસાથ ˘ન્ફ ટીમના અનિલ કક્કડ અને જયરામ સોની પણ પ્રાસંગિક વિગતો રજુ કરશે.

આ કાર્યક્રમના આયોજક PLV ટીમના અનિલ કક્કડ અને જયરામ સોનીએ આ વેબીનાર મા સામેલ થવા અને આ વેબીનાર નો બહોળી સંખ્યામા લાભ લેઈ તેને સફળ બનાવવા માટે સુજ્ઞ નાગરીકો ને સંયુક્ત રીતે નમ્ર વિનંતિ સહ અપીલ કરેલ છે. સેમીનારમા ભાગ લેવા માટે કોઈ પણ નાગરિક એ પોતાના મ ા ` બ ા ઈ લ મ ા meet.google.com/pna-atdi-twv ગુગલ લીંક ઉપર કલીક કરવાનુ રહેશે.

# ગાંધીનગરની સરકારી શાળાના વિદ્યાર્થીની વાયુસેનામાં પસંદગી

ગાંધીનગર, તા. ૩૦

જો મહેનત અને ધગશ હોય તો કોઈપણ વિષમ પરિસ્થિતિ વચ્ચે સફળતાનો માર્ગ અવશ્ય કંડારી શકાય છે. આ વાતને ગાંધીનગરની સરકારી શાળામાં અભ્યાસ કરનાર એક વિદ્યાર્થીએ પુનઃ સાબિત કરી બતાવી છે. મોંઘી શાળાના શિક્ષણના બદલે સરકારી શાળાનું શિક્ષણ મેળવનાર પેથાપુરના ૧૮ વર્ષીય બાસિમ મન્સુરીએ ખુબ જ મહેનત અને લક્ષ્ય સિદ્ધિના નિર્ધાર સાથે વાયુસેનામાં પ્રવેશ મેળવવાનું પોતાનુ સપનુ સાકાર કર્યુ છે. સાથે જ પોતાના પરિવારનું નામ ઉજાળ્યુ છે. ઉમ્મિદ ફાઉન્ડેશન દ્વારા બાસિમ મન્સુરીની આ સફળતા બદલ પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર નજીક આવેલા પેથાપુરમાં રહેતા મુસ્લિમ પરિવારના પુત્ર બાસિમ ઈકબાલભાઈ મન્સુરી નાનપણથી અભ્યાસમાં તેજસ્વી રહ્યો હતો. શાળામાં ઉજ્જવળ દેખાવ સાથે દરેક ધોરણમાં ઉત્તીર્ણ થયેલ છે. આ ઉપરાંત તેણે ઘણી સ્પર્ધાઓમાં રાજ્ય તેમજ રાષ્ટ્રિયસ્તરના પ્રશસ્તિ પત્રો



મેળવ્યા છે. ગાંધીનગરની સરકારી શાળામાં અભ્યાસ કરી પોતાની મહેનત, ખંત અને અડગ નિશ્ચય થકી ધો. ૧૨ની બોર્ડની પરીક્ષામાં સિદ્ધિ મેળવી શાળામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. પરંતુ આર્થિક પરિસ્થિતિને કારણે કોલેજની એડમિશન પ્રોસેસમાં પ્રવેશથી વંચિત રહી ગયા હતા. ત્યારબાદ ગાંધીનગરના સામાજીક કાર્યકર ભગીરથભાઈ માંડલિયા સાથે સંપર્ક થતા તેમણે યુવા વિદ્યાર્થીને ગુજરાત યુનિ. ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવવા માટે તમામ પ્રકારની સહાયતા કરી હતી. સાથે સાથે તેના મનમાં રહેલ રાષ્ટ્રસેવા માટેની લાગણી-ભાવના સમજી ભારતીયવાયુસેનાની ભરતી માટે પ્રોત્સાહિત કર્યા હતા. બાસિમભાઈએ ફોર્મ ભરી પ્રવેશ માટેની જરૂરી તૈયારીઓ કર્યા બાદ વડોદરા અને મુંબઈ ખાતે લેખિત તેમજ શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયો છે. બાસિમભાઈના માતા સલામાબેન અને પિતા ઈકબાલભાઈ ખુદ ભણી શક્યા નથી પરંતુ ઘરની આવી સામાન્ય અને વિષમ પરિસ્થિતિ વચ્ચે તેમનો મોટો પુત્ર ભારતીય વાયુસેનામાં પસંદગી પામ્યો છે એ બાબતે તેઓ ગૌરવ અનુભવી રહ્યા છે.

બાસિમભાઈએ આ અવસરે પોતાના મનોભાવો વ્યક્ત કરતા જણાવ્યુ કે તેઓ ખુબ જ ખુશ છે, તેમજ ગર્વ અનુભવે છે કે તેમને રાષ્ટ્રસેવા કરવાનો અવસર પ્રાપ્ત થયો છે અને તેના દ્વારા તેઓ પોતાના જીવનને સાર્થક કરી બતાવશે. ઉમ્મીદ ફાઉન્ડેશને તેમને નિરંતર રાષ્ટ્રની સેવા કરી પરિવાર સંસ્થા અને રાષ્ટ્રનું નામ ઉજજવળ કરે તેવી હાર્દિક શુભકામનાઓ આપી છે.

# ગુજરાતના ૮ પ્રધાનોએ કોલેજ જોઇ નથી; ૧૭ વિદેશ પ્રવાસના શોખિન, ૬ ક્રિકેટ પ્રેમી

ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણી અને તેમની કેબિનેટના સભ્યોની લાક્ષણિકતાઓ અનેક છે. તેમની સરકારના કુલ ૨૨ પ્રધાન પૈકી ૧૭ વિદેશ પ્રવાસના શોખીન છે. છ પ્રધાનોને ક્રિકેટનો શોખ છે. ૧૩ પ્રધાનો વેપારી છે અને ૧૨ પ્રધાનો ખેતીવાડી ક્ષેત્ર સાથે સંકળાયેલા છે. સૌથી વધુ ભણેલા પ્રધાન સૌરભ પટેલ છે અને સૌથી ઓછું ધોરણ-૭ પાસ ભણેલા પ્રધાન વાસણ આહિર છે. રૂપાણી કેબિનેટમાં આઠ પ્રધાનોએ કોલેજ જોઈ નથી. એટલું જ નહીં, કોંગ્રેસમાંથી આવેલા બે પ્રધાનો પૈકી જવાહર ચાવડા એસએસસી અને ધર્મેન્દ્રસિંહ જાડેજા એસએસસી પાસ છે.

## ગુજરાતના ૧૩ પ્રધાનો વેપારી છે, ૧૨ એવાં પ્રધાનો છે કે જેમનો મુખ્ય વ્યવસાય એગ્રીકલ્ચર છે

ભાજપના રાજ્યકક્ષાના બે પ્રધાન રમણ પાટકર અને કિશોર કાનાની ધોરણ-૯ પાસ થયેલા છે. મુખ્યપ્રધાન અને તેમના હાલના પ્રધાનમંડળની કેટલીક ખાસિયતો આ પ્રમાણે છે...

**વિજય રૂપાણી ---**

રાજ્યના મુખ્યપ્રધાન બીએસ, એલએલબી થયેલા છે. તેમનો વ્યવસાય વેપાર છે. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તેઓ ૨૦૦૬માં રાજ્યસભાના સભ્ય બન્યાં હતા અને ૨૦૧૪માં પ્રથમવાર ધારાસભ્ય બન્યાં હતા. તેમનો મુખ્ય શોખ વાંચન અને સંગીત છે. તેઓ યુએસએ, યુકે, ફ્રાન્સ, દુબઈ, કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, કેનેડા, દક્ષિણ આફ્રિકા સહિતના દેશો ફરી ચૂક્યાં છે.

**નીતિન પટેલ ---**

રાજ્યના નાયબ મુખ્યપ્રધાન અને નાણાં-આરોગ્ય પ્રધાન નીતિન પટેલ એસવાય બીકોમ સુધી ભણ્યાં છે. તેમને સંતાનમાં બે પુત્ર છે. તેમનો મુખ્ય વ્યવસાય કોટન જીનિંગ એન્ડ પ્રેસિંગ ઈન્ડસ્ટ્રીઝ તેમજ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ છે. પહેલીવાર તેઓ ૧૯૯૦માં ધારાસભ્ય બન્યાં હતા. તેમને સમાજસેવા અને વાંચન ગમે છે. તેઓ નેપાળ, યુએસએ, દક્ષિણ કોરિયા, સ્પેન, જર્મની અને દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ કરી ચૂક્યાં છે.

**ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા ---**

બીએસ, બીએડ (અંગ્રેજી), અને એલએલબી થયેલા રાજ્યના શિક્ષણ પ્રધાનનો મુખ્ય વ્યવસાય વકીલાત અને સમાજસેવા છે. સંતાનમાં તેમને એક પુત્ર અને બે પુત્રી છે. તેમને રમતગમતનો શોખ છે. એ ઉપરાંત વાંચન, યુવા પ્રવૃત્તિઓ, સમાજસેવા, જળસંચય, જળબચત, ગ્રામવિકાસ, કૃષિ, બાગાયત વિકાસ, પ્રવાસ, પર્યાવરણ બચાવ અને શિક્ષણની રૂચિ છે. તેઓ યુએસએ, યુકે, ઈઝરાયલ, બેલ્જીયમ, કેનેડા, સ્પેન અને સ્વિડન જેવા દેશો ફરી ચૂક્યાં છે.

**આરસી ફળદુ ---**

રાજ્યના કૃષિ વિભાગના પ્રધાન પ્રિ-સાયન્સ ભણ્યાં છે. તેમને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. તેમનો વ્યવસાય ખેતીવાડી છે. ૧૯૯૮માં પહેલીવાર ધારાસભ્ય બન્યાં હતા. સમકાલીન વિષય પર તેમણે લેખનકાર્ય કર્યું છે. તેમનો શોખ વાંચન, રમતગમત અને સમાજસેવા છે. આ પ્રધાન અગાઉ ભાજપના પ્રદેશ પ્રમુખ રહી ચૂક્યાં છે.

**કુંવરજી બાવળિયા ---**

કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા પાણી પુરવઠા વિભાગના આ કેબિનેટ પ્રધાન બીએસસી, બીએડ થયેલા છે. સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. તેમનો વ્યવસાય ખેતીવાડી, નોકરી અને સમાજસેવા છે. પહેલીવાર ૧૯૯૫માં ચૂંટાઈ આવ્યા હતા. વાંચન, લેખન, સમાજસેવા અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ એ તેમનો મુખ્ય શોખ છે.

**કૌશિક પટેલ ---**

રાજ્યના મહેસૂલ વિભાગના કેબિનેટ પ્રધાન બીકોમ પાસ છે. તેમનો વ્યવસાય કેમિકલ અને વેપાર છે. તેમને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. વાંચન, સમાજસેવા, ક્રિકેટ અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ તેમને ગમે છે. તેઓ યુએસએ, યુકે, દુબઈ જેવા દેશો ફરી ચૂક્યાં છે.

**સૌરભ પટેલ ---**

બીકોમ, એમબીએ (યુએસએ) થયેલા સરકારના સૌથી વધારે ભણેલા ઉર્જા પ્રધાનનો મુખ્ય વ્યવસાય વેપાર છે. તેમને સંતાનમાં એક પુત્ર છે. પહેલીવાર તેઓ ૧૯૯૮માં ધારાસભ્ય બન્યાં હતા. રમતગમત, તરણ, વાંચન તથા રાજકીય, સામાજીક અને વહીવટી પ્રવૃત્તિઓ તેમને ગમે છે. તેઓ અમેરિકા, યુરોપ, આફ્રિકા, હોંગકોંગ, સિંગાપુર, મલેશિયા, શ્રીલંકા, મોરેશિયસ, મસ્કત, કતાર, દુબઈ અને ઓમાન જેવા દેશો ફરી ચૂક્યાં છે.




**ગણપત વસાવા ---**

આદિવાસી નેતા અને વન વિભાગના કેબિનેટ પ્રધાન એમએ થયેલા છે. તેમનો વ્યવસાય ખેતી છે. પેટ્રોલપંપ છે અને સમાજસેવા કરે છે. તેમને એક પુત્ર અને એક પુત્રી છે. પુસ્તક વાંચન, ક્રિકેટ અને કબડ્ડી તેમના મુખ્ય શોખ છે. તેઓ યુકે, ફ્રાન્સ, સ્વિત્ઝર્લેન્ડ, શ્રીલંકા, સિંગાપુર, થાઈલેન્ડ, મલેશિયા અને દુબઈ ફરી આવ્યાં છે. તેઓ અગાઉ પ્રદેશ પ્રમુખ રહી ચૂક્યાં છે.

## કોંગ્રેસમાંથી રાજીનામું આપીને તુરંત પ્રધાન બનેલા એક ધોરણ-૧૦ અને એક ધોરણ-૧૨ પાસ છે

**જવાહર ચાવડા ---**

કોંગ્રેસમાંથી ભાજપમાં આવીને તુરંત પ્રવાસન પ્રધાન બનેલા આ નેતા અંગ્રેજી માધ્યમમાં એસએસસી સુધી ભણ્યાં છે. તેમને એક પુત્ર અને બે પુત્રી છે. તેમનો વ્યવસાય વેપાર છે. પ્રવાસ, વાંચન અને સમાજસેવા એ તેમનો શોખ છે. તેઓ યુકે, ફ્રાન્સ, બેલ્જિયમ, જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ, ઈટલી, ઓસ્ટ્રિયા, યુએસએ, જાપાન, ચીન, ઓસ્ટ્રેલિયા, થાઈલેન્ડ, સિંગાપુર, હોંગકોંગ, મલેશિયા, યુએઈ, ઈઝરાયલ, શ્રીલંકા અને મકાઉ જેવા દેશો ફરી ચૂક્યાં છે. રાજ્યના મુખ્યપ્રધાન વિજય રૂપાણી અને નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ કરતાં વધુ દેશો તેઓ ફરી ચૂક્યાં છે.

**દિલીપ ઠાકોર ---**

જૂની એસએસસી પાસ એવા રૂપાણી સરકારના શ્રમ અને રોજગાર વિભાગના કેબિનેટ પ્રધાનને સંતાનમાં એક પુત્ર અને ત્રણ પુત્રી છે. તેમનો વ્યવસાય ખેતીવાડી અને પશુપાલનનો છે. તેમનો મુખ્ય શોખ આધુનિક ખેતી કરવાનો છે. આ મંત્રી દુબઈ અને યુએઈનો પ્રવાસ કરી ચૂક્યાં છે.

**જયેશ રાદડિયા ---**

રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા પ્રધાન બીઈ સિવિલ થયેલા છે. તેમને એક પુત્ર અને એક પુત્રી છે. કોંગ્રેસમાંથી ભાજપમાં આવીને પ્રધાન બન્યાં છે. તેઓ પહેલીવાર ૨૦૦૯ની પેટાચૂંટણીમાં ચૂંટાયા હતા. તેમનો વ્યવસાય વેપાર અને સમાજસેવા છે. તેઓ ક્રિકેટના શોખિન છે. થાઈલેન્ડ, મલેશિયા અને સિંગાપુર ફરી આવેલા છે.

## સૌથી વધુ અભ્યાસ કરી ચૂકેલા પ્રધાન સૌરભ પટેલ, સૌથી ઓછું આઠમું પાસ વાસણ આહિર છે

**ઇશ્વર પરમાર ---**

ધોરણ-૧૨ કોમર્સ સુધી ભણેલા સામાજીક ન્યાય વિભાગના આ રાજ્યકક્ષાના પ્રધાનનો વ્યવસાય ખેતી અને વેપાર છે. તેમને બે પુત્ર છે. તેઓને વાંચન, ક્રિકેટ, આરોગ્ય અને શિક્ષણ જેવી સેવાકીય પ્રવૃત્તિઓમાં રૂચિ છે. તેમણે અમેરીકા અને દુબઈનો પ્રવાસ કર્યો છે.

**પ્રદીપસિંહ જાડેજા ---**

ગુજરાત સરકારમાં રાજ્યકક્ષાના ગૃહ પ્રધાન રસાણયશાસ્ત્રમાં બીએસસી થયેલા છે. સંતાનમાં તેમને એક પુત્ર છે. તેમનો વ્યવસાય કેમિકલનો છે. તેઓ પહેલીવાર ૨૦૦૨માં ધારાસભ્ય બન્યાં હતા. ક્રિકેટ રમવાનો તેમને શોખ છે. તેઓ અમેરિકા, યુરોપ, સિંગાપુર, ઈઝરાયલ અને નેપાળ જઈ આવ્યાં છે.

**ધર્મેન્દ્રસિંહ જાડેજા ---**

કોંગ્રેસમાંથી ભાજપમાં આવીને તુરંત રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા પ્રધાન બન્યાં છે. તેઓ એચએસસી પાસ છે. સંતાનમાં એક પુત્ર છે. વ્યવસાયે તેઓ બિલ્ડર અને ટ્રાન્સપોર્ટ સેક્ટર સાથે સંકળાયેલા છે. તેમનો શોખ માનવસેવાનો છે.

**પરસોત્તમ સોલંકી ---**

મુંબઈના અંધેરીમાં જન્મેલા કોળી નેતા અને રાજ્યકક્ષાના મત્સ્યોદ્યોગ પ્રધાન ડિપ્લોમા ઈન ઈલેકટ્રિકલ એન્જીનિયરીંગ ક્ષેત્રે ભણ્યાં છે. તેમને બે પુત્ર અને ત્રણ પુત્રી છે. તેમનો વ્યવસાય બિલ્ડર અને સમાજસેવાનો છે. કહેવાય છે કે કોળી સમાજના ઉત્થાન માટે તેમણે ખૂબ પ્રવૃત્તિઓ કરેલી છે. રમતગમત, સંગીત, જનસંપર્ક અને સમાજસેવા એ તેમના મુખ્ય શોખ છે. તેઓ ઈંગ્લેન્ડ, સ્વિટ્ઝર્લેન્ડ, વિયેતનામ, દુબઈ, સિંગાપુર, ફ્રાન્સ, થાઈલેન્ડ અને અન્ય દેશો ફરી ચૂક્યાં છે.

**જયદ્રથસિંહ પરમાર ---**

રાજ્યકક્ષાના કૃષિ વિભાગના પ્રધાન બીકોમ, એલએલબી, ડીટીપીએલ, એલએલએમ સુધી ભણ્યાં છે. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તેમનો વ્યવસાય ખેતીવાડી છે. ક્રિકેટ, વાંચન અને આધ્યાત્મિક બાબતોમાં તેમને વધારે રૂચિ છે. તેઓ કેનેડા, યુએસએ અને નેપાળ ફરી આવ્યાં છે.

**બચુભાઇ ખાબડ ---**

ઓલ્ડ એસએસસી સુધી ભણેલા રાજ્યકક્ષાના ગ્રામ ગૃહનિર્માણ વિભાગના પ્રધાનનો વ્યવાસય ખેતી, વેપાર અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ છે. તેમને બે પુત્ર અને એક પુત્રી છે. સમાજસેવા, શૈક્ષણિક અને ધાર્મિક પ્રવૃત્તિઓ તેમજ વાંચનનો તેમને શોખ છે.

**યોગેશ પટેલ ---**

ડિપ્લોમા ઈન મિકેનિકલ એન્જીનિયર થયેલા રાજ્ય કક્ષાના નર્મદા, શહેરી ગૃહનિર્માણ વિભાગના પ્રધાનનો મુખ્ય વ્યવસાય ખેતીવાડી છે. ૧૯૯૦માં પહેલીવાર તેઓ ધારાસભ્ય બન્યાં હતા. તેમને એક પુત્ર અને બે પુત્રી છે. નદીઓ, પર્વતો, જંગલનો પ્રવાસ, પ્રાચીન વસ્તુનો અભ્યાસ તેમજ સંગ્રહ અને વૃક્ષારોપણ એ તેમના મુખ્ય શોખ છે. તેઓ અમેરિકા અને યુકેનો પ્રવાસ કરી ચૂક્યાં છે.

**વાસણ આહિર ---**

રાજ્ય કક્ષાના પછાત વર્ગ કલ્યાણ વિભાગના પ્રધાન ધોરણ-૭ પાસ છે. તેમનો વ્યવસાય ખેતીવાડી છે. તેમને સંતાનમાં ત્રણ પુત્ર અને એક પુત્રી છે. પહેલીવાર ૧૯૯૫માં ધારાસભ્ય બન્યાં હતા. વાંચન, સંગીત, પ્રાચીન ભજનો, જૂનાં ગીતો, જનસંપર્ક, સમાજસેવા, પ્રકૃતિપ્રેમ અને દેશની વિવિધ ભાષાની જાણકારી જેવા શોખ છે. તેઓ મસ્કત અને દુબઈ ફરી આવેલા છે.

**ઇશ્વરભાઇ પટેલ ---**

બીએ એએલબી થયેલા રાજ્યકક્ષાના સહકાર અને રમતગમત વિભાગના પ્રધાનનો વ્યવસાય ખેતી છે. તેમને બે પુત્રી અને એક પુત્ર છે. વાંચન, વ્યાયામ, પ્રવાસ, રમતગમત, વૃક્ષારોપણ અને સમાજસેવા એ તેમના શોખ છે. તેઓ બ્રાઝીલ, દક્ષિણ આફ્રિકા, દુબઈ, સિંગાપુર, મલેશિયા, થાઈ લેન્ડ, શારજાહ, અબુધાબી, અમેરિકા અને ઝાંબિયા જેવા દેશો ફરી ચૂક્યાં છે.

**વિભાવરી દવે ---**

એમકોમ, ડીસીએ, સીસીએપી (યુકે), ડીસીઓ (ઈગ્નુ) જેવો અભ્યાસ કર્યો છે તેવા રાજ્યકક્ષાના શિક્ષણ પ્રધાનનો મુખ્ય વ્યવસાય સમાજસેવા છે. તેમને સંતાનમાં એક પુત્ર છે. તત્વજ્ઞાન, જીવન મૂલ્યોને લગતાં પુસ્તકોનું વાંચન, સારાં પ્રવચનો, ગઝલ, કવિ સંમેલનો સાંભળવાનો તેમજ ગરીબ-વૃદ્ધોની સેવા કરવાનું તેમને ગમે છે. તેઓ ફિલિપાઈન્સ અને લંડન ફરી આવેલા છે.

**રમણ પાટકર ---**

ધોરણ-૯ પાસ એવા રાજ્યકક્ષાના વન વિભાગના પ્રધાનનો મુખ્ય વ્યવસાય ખેતીવાડી છે. તેમને ચાર પુત્ર છે. તેમનો શોખ વાંચન છે.

**કિશોર કાનાની ---**

સુરત વિસ્તારના ધારાસભ્ય અને રાજ્યકક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પ્રધાન ધોરણ-૯ પાસ છે. તેમનો વ્યવસાય ટેક્સટાઈલ છે. તેમને બે પુત્રી છે. તેમનો શોખ વાંચન છે.